**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૯ ટકા

# મિઠાઈના બોક્સની જેમ કેરીના બોક્સનો ટ્રેન્ડ

## સરકારી કચેરીઓમાં અને મંત્રી નિવાસમાં કેસર કેરીના બોકસ ઠલવાઈ રહ્યા છે : દિવાળીમાં જેમ મિઠાઈના બોકસ ગિફ્ટ આપવાનો ટ્રેન્ડ છે તેમ હાલમાં કેસર કેરીના બોકસ ગીફ્ટમાં અપાઈ રહ્યા છે



ગાંધીનગર, તા.૭
ઉનાળો આવે એટલે કેરી ખાવાની મજા આવી જાય. એમાંય કેસર કેરીની મિઠાસ તો મોંમાં પાણી લાવી દે છે. હાલમાં કેસર કેરીની સિઝન પુરબહારમાં છે ત્યારે સરકારી કચેરીઓમાં કેરીઓના બોકસ લવાઈ રહ્યા છે કેરીઓને ગીફ્ટ આપવાનું ચલણ વધ્યું છે.


સરકારી કચેરીઓ પુનઃ ધમધમતી થઈ છે તે સાથે જ કેસર કેરીના બોકસ કચેરીઓમાં ઠલવાઈ રહ્યા છે. દિવાળીમાં જેમ મિઠાઈના બોકસ આપવાનો ટ્રેન્ડ છે તેમ ઉનાળાની ઋતુમાં કેસર કેરીના બોકસ ગીફ્ટમાં આપવાનો જાણે રિવાજ બની ગયો છે. ગાંધીનગરમાં સરકારી કચેરીઓ અને મંત્રી નિવાસ આવેલા છે. સરકારી અધિકારીઓ અને મંત્રીઓ પાસે આખું વર્ષ કામ કરાવતા અરજદારો, કોન્ટ્રાકટરો અને શુભચિંતકો કેરીના બોકસના ગીફ્ટ આપવાનું ચુકતા નથી. હાલમાં કેરીની સિઝન પુરબહારમાં ખીલી છે. કેરીનો માલ બજારોમાં ઠલવાઈ રહ્યો છે. આવા સમયે કેરીના બોકસના ગીફ્ટનું ચલણ વધ્યું છે.

હાલમાં સરકારી કચેરીઓની બહાર કેરીના બોકસ લઈને ઉભેલા ટેમ્પો જોવા મળી રહ્યા છે. જયાંથી જે તે મંત્રીઓ, અધિકારીઓ અને કર્મચારીઓને કેરીના બોકસ ગીફ્ટમાં મોકલાઈ રહ્યા છે. હવે સૌરાષ્ટ્રની કેસર કેરીની સિઝન પૂર્ણ થવામાં છે. આવા સમયે કેરીની ગીફ્ટ મેળવીને અધિકારીઓ ખુશખુશાલ બની ગયા છે. કચ્છની કેસર કેરીની સિઝન હવે શરૂ થઈ છે ત્યારે તેના બોકસ પણ ગીફ્ટમાં આવી રહ્યાં છે.

**જન્મદિને વધામણી**




કમલેશભાઈ ત્રિવેદી
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬



નરસિંહ સી ચૌહાણ
મો. ૬૩૫૧૧૦ ૩૦૩૧૦



મંથન ઉમાકાન્ત ભટ્ટ



ભૃગુ ભરતભાઈ શ્રીમાળી



જીનલબા દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦

# ‘ચ’ માર્ગ પર સુમન ટાવર સામે ટ્રાફિક સિગ્નલ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત : ૧નું મૃત્યુ

ગાંધીનગર, તા.૭
ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ વાહનમાલિકો વાહન હંકારતા નજરે પડે છે. સ્પીડ લીમીટ હોવા છતાં રોકેટ ગતિએ વાહનો દોડાવે છે ત્યારે વાહનચાલકો નિયમોનું ઉલ્લંઘન કરી વાહન હંકારતા નાના-મોટા અકસ્માત સર્જે છે ત્યારે શહેરના ‘ચ’ માર્ગ પર સુમન ટાવર સામે આવેલા ટ્રાફિક સિગ્નલ પાસે ઉભા રહેલા અજાણ્યા બાઈકની પાછળ બીજું બાઈક પાછળથી ટકરાતા અમદાવાદના યુનાનનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજયું હતું. જયારે બીજા યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ગીરીશભાઈ તુલસીભાઈ પરમારનો ૩૫ વર્ષીય નાનો ભાઈ મહેશ તેમજ તેનો મિત્ર બળેદવ દુધાભાઈ સાસીયા ગતરોજ બાઈક નં. જીજે ૨૭ બીસી-૪૩૪૮ લઈને ગાંધીનગર આવ્યા હતા. પોતાનું કામ પૂર્ણ કરી બંને જણ ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે સેકટર-૧૧ સુમન ટાવરની સામેના માર્ગ પર આવેલા ટ્રાફિક સિગ્નલની લાલ લાઈટ શરૂ થઈ હતી. જેણે તમામ વાહનોના પૈડા થંભાવી દીધા હતા તે સમયે મહેશ પોતાનું બાઈક ફુલ સ્પીડે ચલાવી આગળ ઉભા રહેલા અજાણ્યા બાઈકને ટકકર મારી હતી. જેથી બંને મિત્રો જમીન પર પટકાયા હતા. મહેશના બાઈકની જોરદાર ટકકર વાગતા મહેશભાઈનું બનાવ સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું.

# ગાંધીનગર મહાનગર દ્વારા ‘મેગા બ્લડ ડોનેશન કેમ્પ’ના બીજા દિવસે ૧૯૦ યુનિટ બ્લડ એકત્રિત કરાયું



ગાંધીનગર, તા.૭
ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની પ્રેરણાથી ‘સેવા હી સંગઠન’ના ભાવ સાથે થેલેસેમિયાગ્રસ્ત બાળકોની સારવાર માટે ૬, ૭ અને ૮ જૂન એમ ત્રિદિવસીય મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેને જનતાનો ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ‘મેગા બ્લડ ડોનેશન કેમ્પ’ના પ્રથમ દિવસે ૨૩૭ બોટલ રક્ત એકત્ર થયું હતું ત્યારે આજે બીજા દિવસે ૧૯૦ બોટલ રક્ત એકત્ર થયું છે. આમ, રક્તદાતાઓના મહાદાન દ્વારા બાળકોની સારવાર માટે બે દિવસમાં કુલ ૪૨૭ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં સફળતા મળી છે.

આજરોજ પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ વોર્ડ ન. ૩, ૬, ૯ અને ૧૦ ખાતે રક્તદાન કેમ્પના સ્થળની મુલાકાત લીધી હતી અને સૌ રક્તદાતાઓને અનોખી સેવા કરવા બદલ બિરદાવ્યા હતા. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રી ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, સિનિયર અગ્રણીશ્રીઓ, ભાજપાના ઉમેદવારો પણ તેમની સાથે જોડાયા હતા. આ ઉપરાંત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી પ્રશાંત કોરાટે વોર્ડ ન. ૨,૩,૬,૮ અને ૯ ખાતે રક્તદાન કેમ્પની મુલાકાત લીધી હતી તે સમયે યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ હર્ષ પટેલ અને મનીષ સંઘાણી, પ્રદેશ મંત્રી સત્યદીપસિંહ પરમાર, શહેર યુવા મોરચાના પ્રમુખ યુવરાજસિંહ ચાવડા હાજર રહ્યા હતા.

વોર્ડ નં.૭માં વાવોલ ખાતે યોજાયેલા રકતદાન કેમ્પમાં ભાજપના ઉમેદવારો પ્રેમલસિંહ ગોલ, કિંજલબેન ઠાકોર અને શૈલેષભાઈ પટેલ ઉપરાંત વોર્ડ પ્રમુખ દિલીપસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા. અહીં ૩૮ યુનિટસ રકત એકત્ર કરાયું હતું.

સેકટર-૧૨માં રાજપૂત સમાજ ખાતે યોજાયેલા રકતદાન શિબિરમાં ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, વોર્ડ નં. ૬ના ઉમેદવાર ભાવનાબા વિક્રમસિંહ ગોલ તથા ગાંધીનગર શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ યુસુફભાઈ શેખ સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી રકતદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# સે-૫માં વડીલો માટે રસીકરણ કેમ્પ યોજાયો




ગાંધીનગર મહાનગર પાલિકા અને સેકટર-૫ વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે સેકટર-૫ના વસાહતીઓ પૈકી ૪૫ કે તેથી વધુ વય ધરાવતા વડીલો માટે સેક્ટરના સરકારી દવાખાના ખાતે કોવિડ-૧૯ પ્રતિરોધક વેકિસનના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રસીકરણ કેમ્પ દરમ્યાન પૂર્વ ધારાસભ્ય પુનમભાઈ મકવાણા સહિત વિવિધ અગ્રણીઓએ મુલાકાત લીધી હતી. કેમ્પના આયોજન માટે સે.૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા સહિત હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ઓનલાઈન ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭
વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને શિક્ષણ પદ્ધતિઓનો ખ્યાલ આપવા માટે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા દર વર્ષે આ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવે છે. સ્કૂલ ફેકલ્ટીઝ દ્વારા શાળાના વિઝન-મિશન, અભ્યાસક્રમ, શાળાની પ્રણાલીઓ, શૈક્ષણિક પદ્ધતિઓ, સ્કૂલ એપ્લિકેશન અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવા માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી કરી ગૌરવપૂર્ણ ભવિષ્ય માટે મજબૂત પાયો બનાવવા જે પ્રયાસ કરી રહ્યા છે તે વિશે માહિતી આપવામાં આવી હતી. શિક્ષકો દ્વારા નિયમિતપણે આપવામાં આવતા ‘હોમ લર્નિંગ કોન્સેપ્ટ’ અને તેમાં તેની ભૂમિકાઓ તથા તેમાં વાલીઓને યોગદાન કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને ભણાવવામાં આવતા દરેક વિષયો વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઓનલાઈન ઓરીએન્ટેશન કાર્યક્રમમાં શિક્ષકો, બાળકો તથા વાલીઓએ ખૂબ જ સારો સહકાર આપ્યો હતો અને આ કાર્યક્રમ ખૂબ સારી રીતે પૂર્ણ થયો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. રબારી ભીખીબેન બાબુભાઈ,** ઉ.વ. ૫૫, રાંધેજા
- **સ્વ. રાઠોડ કેશરબા બબસિંહ,** ઉ.વ. ૪૬, બોરીયા, પ્રાંતિજ
- **સ્વ. રાઠો. પોપટસિંહ બાબુજી,** સેકટર-૨૦
- **સ્વ. પટેલ દિલીપ નરસિંહભાઈ,** ઉ.વ. ૬૩, સેકટર-૨
- **સ્વ. પરમાર પ્રહલાદભાઈ રવાજી,** ઉ.વ. ૪૭, આગલોડ, વિજાપુર
- **સ્વ. ચાવડા સવિતાબેન બચુભાઈ,** ઉ.વ. ૫૪, સેકટર-૩
- **સ્વ. વ્યાસ અવંતિકાબેન રમેશચંદ્ર,** ઉ.વ. ૯૪, સેકટર-૨
- **સ્વ. દેસાઈ હિરાભાઈ ગાભુભાઈ,** ઉ.વ. ૬૮, પેથાપુર
- **સ્વ. શર્મા માણેકભાઈ શંકરભાઈ,** ઉ.વ. ૭૫, છીપડી, જી. ખેડા



# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા હવન કુંડ અને સામગ્રીનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શોભાયડા મુકામે ૧૨ લાભાર્થી અને ખારી મુકામે ૮ લાભાર્થીને હવન કુંડ તથા સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. વનવાસી બહેનો જે ઘરમાં ભગવાનની પુજા કરે છે તેમની સાથે વાત કરી નેનો હવન કુંડ સાથે ૩૦ નંગ ઉપલા, ૨૦૦ ગ્રામ હવન સામગ્રી, દીવેટ તથા બાકસ આપવામાં આવ્યા હતા. હવન કેવી રીતના કરવો તેની સમગ્ર વિગત સમજાવવામાં આવી હતી. બધાએ ઘરમાં દરરોજ કરવાની તૈયારી બતાવી હતી. હવન કુંડ અને સામગ્રી ડૉ. અનીલ જહા તરફથી પ્રાપ્ત થઈ હતી. જીવાણુનો નાશ થાય અને વાતાવરણ શુદ્ધ થાય તે લક્ષ્ય સાથે પ્રમુખ મિલિન્દભાઈએ આ અભિગની શરૂઆત કરી છે.

# ઓનલાઈન પ્રવેશોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.એમ.પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી પટેલ કન્યા બાલમંદિરના બાળકોનો આજરોજ ઓનલાઈન પ્રવેશોત્સવ ઉજવાયો હતો. શાળાકીય સંસ્કૃતિની વિચારના આધારે બાળકોનું ઘડતર અને શિક્ષણ ટકી રહે તે માટે બાલમંદિર પાયારૂપ છે. ઓનલાઈન દરેક બાળકોને ડાયરેકટર કિરણબેન પટેલ તથા પ્રિન્સીપાલ મીનાક્ષીબેન અને સ્ટાફ મિત્રો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સરસ્વતી માતાનું પૂજન કરી શ્લોક અને પ્રાર્થના બોલાવી બાળકોને આવકાર્યા હતા. આજની આ ઝૂમ મિટીંગમાં આશરે ૬૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને ઉત્સાહ પૂર્વક પ્રવેશોત્સવ માણ્યો હતો.

# આત્મન અભિવ્યક્તિ ઈ-શિબિરમાં બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો

## એક સાથે ૭૧ બાળકોએ દીપ પ્રાગટ્ય અને શાંતિ પ્રાર્થના કરી : બાળકોએ વિડિયો - પ્રાર્થના ગીતમાં માસૂમ અભિનયથી ઈશ્વરને રીઝવ્યા

ગાંધીનગર, તા.૭
આત્મન ફાઉન્ડેશન સંસ્થાની એક આગવી ઓળખ સેવા કાર્યો સાથે આત્મન અભિવ્યક્તિ બાળ શિબિરની પણ છે. દર વર્ષે ખુલ્લા કુદરતી સ્થળે યોજાતી બાળ શિબિર કોરોનાના સમયમાં ન કરી શકાઈ તો બાળકો માટે ઓનલાઈન શિબિરનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. કોરોના કાળમાં સતત બીજા વર્ષે ઓનલાઈન બાળ શિબિરનું આયોજન તા. ૫ અને ૬ જૂન, ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું. શિબિર બાળકો માટે તદન નિશુલ્ક રાખવામાં આવી હતી.

આ શિબિરમાં ૯૧ બાળકોએ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. શિબિરના પ્રથમ દિવસે ૭૧ બાળકો અને સંસ્થાના સહયોગીઓએ પોતપોતાના ઘેર રહી દીવા પ્રગટાવ્યા હતા. સંજય થોરાત દ્વારા આ સંકલન કરવામાં આવ્યું હતું. સાથે જ આ કોરોના દરમ્યાન અવસાન પામેલા સહુ માટે શાંતિ પ્રાર્થના કરવામાં આવી હતી. ખ્યાતિબહેન દેસાઈએ ‘અમે પણ કલાકાર’ અંતર્ગત બાળકોને ખૂબ ઝડપથી વિવિધ પ્રકારની આર્ટ - ક્રાફટની પ્રવૃત્તિ કરાવી હતી. બાળકોએ સુંદર મજાના સ્માઈલી ફટાફટ બનાવ્યા હતા. એ પછી પૂજન ડાન્સ કલાસના પ્રજ્ઞાબેન ગજ્જરે એનર્જી વિથ ડાન્સ થીમ પર બાળકોને ઉત્સાહ સાથે વિવિધ પ્રકારના ડાન્સ સ્ટેપ શીખવાડી બાળકોને નૃત્યથી આનંદિત કર્યા હતા. બીજા દિવસે નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલે ફન વિથ સાયન્સ અંતર્ગત વિજ્ઞાનના વિવિધ પ્રયોગો બતાવી, એમાં વિજ્ઞાનનો ક્યો નિયમ કામ કરે છે તેની સરસ સમજ આપી હતી. ચાલો રમીએ નાટક વિષયે જાણીતા નાટ્ય લેખક - દિગ્દર્શક કલાકાર કુંતલ નિમાવતે બાળકોને અભિનયના વિવિધ પ્રકારો, કેવા હાવભાવ હોય, સંવાદ કઈ રીતે બોલાય વગેરે નાટક - અભિનયની બેઝિક સમજ અભિનય સાથે આપી હતી. માસ્ટર વિવાન જૈન કે જે પોતે શાળામાં અભ્યાસ કરતો તેજસ્વી વિદ્યાર્થી છે, એણે માઈન્ડ ગેમ નિદર્શનમાં ફાસ્ટ ક્યૂબિંગ સોલ્વ કરવાનું નિદર્શન આપી, કયુબીંગના પ્રકારોની વાત કરી હતી.

ત્રીજા સત્રમાં આ શિબિર દરમ્યાન જ યોજાયેલી ચિત્ર સ્પર્ધાના વિજેતાના નામ જાહેર કરવામાં આવ્યા હતા. ૬૪ બાળકોએ બે વિભાગમાં ભાગ લીધો હતો. એ વિજેતાઓના ચિત્રો પણ સહુને બતાવવામાં આવ્યા હતા. આ ચિત્ર સ્પર્ધાના આયોજનની અને નિર્ણાયકની સમગ્ર ભૂમિકા વત્સલ વોરાએ નિભાવી સહયોગ આપ્યો હતો, સાથે બાળકો માટે ઈનામની રકમની ભેટ પણ તેમના તરફથી તથા સી. એલ. મહેતા દ્વારા જાહેર કરાઈ હતી. બાળકોએ પોતાના પ્રતિભાવમાં આનંદ વ્યકત કર્યો હતો. આખી શિબિરની સૌથી મહત્વપૂર્ણ અને ભાવભરી વાત એટલે બાળકોના અભિનય (વિડિયો) સાથે તૈયાર કરાયેલ ખૂબ સુંદર ભાવવાહી પ્રાર્થના ગીત ‘ઓ પાલનહારે નિર્ગુણ ઔર ન્યારે..’ સી.એલ. મહેતા, કુંતલ નિમાવત અને સ્ક્રીન પર ઉપસ્થિત સહયોગીઓની હાજરીમાં આ વિડિયો સોંગને રિલીઝ કરવામાં આવ્યું હતું. ખૂબ ઉલ્લેખનીય છે કે, ૭૯ બાળકોએ આ વીડિયો સોંગમાં પોતાનો અભિનય આપ્યો છે, એ ય કોઈ જ માર્ગદર્શન વિના, પોતાની મૌલિકતાથી. વળી, આત્મનના જ કુંતલ નિમાવત દ્વારા અને સી.એલ. મહેતાની પરિકલ્પના દ્વારા એનું નિર્માણ કરવામાં આવ્યું છે. તમામ બાળકોના વિડિયો મેળવવાની, એને ગોઠવવાની વિકટ કામગીરી સી. એલ. મહેતાએ સંભાળી હતી. વિકટ સમયમાં બાળકોએ પોતાના હૈયાના ભાવ દ્વારા ઈશ્વરને વિશ્વ કલ્યાણ માટે આમ પ્રાર્થના કરી છે.



પ્રજ્ઞા પટેલે સમાપનમાં પ્રસન્નતાનો ભાવ વ્યક્ત કરી શિબિરમાં જોડાનાર બાળકો, વિષય નિષ્ણાંત ફેકલ્ટીનો, શિબિર સફળ બનાવનાર સહુનો આભાર માન્યો હતો.

બે દિવસની ઓન લાઇન શિબિરનું લાઈવ જોડાણ અજય રાવલે સાંભળ્યું હતું. કુંતલ નિમાવતે યુ ટ્યુબ પર લાઈવ પ્રસારણ કર્યું હતું. દેશ - વિદેશના લગભગ ૪૦૦ થી વધુ લોકોએ લાઈવ પ્રસારણ જોયું હતું. શિબિરની સમગ્રતયા સંકલન કામગીરી સી. એલ. મહેતા, પ્રજ્ઞા પટેલ, અજય રાવલ, સંજય થોરાત અને કુંતલ નિમાવત દ્વારા સરસ રીતે સંભાળવામાં આવી હતી. સંસ્થાના એચ. બી. વરિયા, દિવ્યાબેન, જયશ્રીબેન ખેતિયા, અશોકભાઈ ત્રિવેદી વગેરેએ પણ ઓન લાઈન શિબિર માટે સારો સહકાર આપ્યો હતો. બાળકોએ એમનો ભરપૂર રાજીપો વ્યકત કર્યો હતો, વાલીઓએ પણ સંસ્થાના સહુને અભિનંદન આપ્યા હતા.